# સેવા અને સાધના : શા માટે ?

દાન વગેરેથી સેવા થાય છે અને ધ્યાન વગેરેથી સાધના થાય છે. પરંતુ મનુષ્યજીવનમાં દાન, તપ, શીલ, ભાવ થકી સેવા અને સાધનાની જરૂર શા માટે છે ? શું સેવા- સાધના થકી આપણને પુણ્ય મળે છે, આપણા કર્મોની નિર્જરા થાય છે, આપણો આવતો ભવ સુધરી જાય છે ?

મને નથી લાગતું કે પાપ- પુણ્યની જીવનમાં જરૂરિયાત હોય. હું પુનર્જન્મમાં માનવા તૈયાર નથી. જે મૃત્યુ પામીને ઉપર ગયા છે એ આપણને કાંઈ કહેતા નથી અને અહીં રહેલા વ્યક્તિઓ (વાંચોઃ ગુરુ- ભગવંતો) શાસ્ત્રોના નામ પર ઘણી બધી વાર્તાઓ કહી જાય છે.

તો ફરી પ્રશ્ન પાછો એ જ આવે છે કે દાન, તપ, શીલ, ભાવ થકી સેવા અને સાધનાની જીવનમાં જરૂરિયાત છે કે નહિ ?

મનુષ્યનું મન ચંચળ છે. એની ઈચ્છાઓને વાસનાઓ અમાપ છે. અને એને કારણે એને સુખ, શાંતિ, પ્રસન્નતા, હળવાશ અને મધુરતા મળતા નથી. જીવન એક ઉત્સવ છે જો જીવતા આવડે તો. માનો કે ન માનો, આપણે અહીં પૃથ્વી ઉપર એક સમયમર્યાદા પૂરતું યાત્રી તરીકે આવેલા છીએ અને યાત્રા પૂરી થતા અહીંથી વિદાય લેશું. આપણે ખાલી હાથે આવેલ અને ખાલી હાથે પાછા જશું.

પરંતુ એ જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયગાળામાં આપણે સર્વ મોહ- માયામાં એવા ફસાઈ જઈએ છીએ કે આ જીવનની યાત્રાનો આનંદ માણી શકતા નથી. અમાપ ઈચ્છાઓ અને વાસનાઓને કારણે ચાર કષાયો- ક્રોધ, અભિમાન, માયા- પ્રપંચ, લોભ આપણા જીવનમાં સંપૂર્ણપણે ઘર કરી જાય છે. આ ચાર કષાયો આપણા ચિત્તમાં ચંચળતા લાવી, આપણને ક્ષણે- ક્ષણે અશાંતિ તરફ ધકેલે છે.

દાન- સેવા થકી આપણો મોહ ઓછો થાય છે. બીજાના દુઃખ સમજી શકાય છે અને આપણને મળેલ કૃતજ્ઞતા અનુભવી શકાય છે. આમાં કોઈ લેણદેણને અવકાશ નથી. પુણ્ય- સ્વર્ગનો સવાલ નથી. જ્યાં સુધી આપણો લોભ દૂર ન થાય, આપણા અંતરમાં ઉદારતા ન આવે આપણું હૃદય વિશાળ ન બને ત્યાં સુધી જીવનમાં સુખ- શાંતિ- પ્રસન્નતા મેળવવી અસંભવ છે. લોભ જેવો એક કષાય

બીજા અનેક કષાયોને જીવનમાં લાવે છે- આપણને ખોટું બોલતા શીખવાડે છે, આપણે ચોરી- છેતરપીંડી કરવા લાગીએ છીએ, આપણને ક્રોધ આવે છે. આવા સંજોગોમાં આપણે જીવન માણી શી રીતે શકીએ ?

તપ, ધ્યાન, સાધના દ્વારા ચિત્તને સ્થિર કરી શકાય છે. ધીમે ધીમે આપણે પરિસ્થિતિનો સ્વીકારભાવ કેળવી શકીએ છીએ. આપણામાં જતું કરવાની ભાવના આવતી જાય છે. આગળ વધીને આપણે “જુઓ, જાણો પણ ભળો નહિ” એવી સાક્ષીભાવ- દ્રષ્ટાભાવ- તટસ્થભાવમાં પ્રવેશી શકીએ છીએ. એક પરમશાંતિની અનુભૂતિ કરી શકીએ છીએ.

સેવા અને સાધનામય જીવનના અંતિમચરણમાં આપણા ચિત્તમાં મૈત્રી, કરૂણા, દયા, અનુકંપાના સ્પંદનો આવે તો આ સંપૂર્ણ બ્રહ્માંડ આપણા માટે એકરૂપ થઈ જાય, આપણે અદ્વૈતભાવમાં આવી જઈએ, જ્યાં મારું—તારું મટી જાય. પછી ન રહે રાગ, ન રહે દ્વેષ અને ન રહે ભય- ડર.

મારા હિસાબે ધર્મ એ આધ્યાત્મિકતાનું, ચિત્તશુધ્ધિનું પ્રાથમિક પગથિયું છે. શાશ્વત આનંદ તો દરેકની ભીતરમાં છે, જે આપણે એને બહાર શોધતા ફરીએ છીએ. આનંદનો સંબંધ મન સાથે છે. આંતરિક આનંદની અનુભૂતિ જ પૂર્ણ સુખરૂપ જીવન આપી શકે છે, સેવા અને સાધનાના સમન્વયથી આપણે સર્વ ઉચ્ચ કક્ષાએ પહોંચી શકીએ છીએ અને એ જ અવસ્થા દેવલોક છે, સ્વર્ગ છે અને મોક્ષ છે. જે છે એ બધું અહીં જ છે. ચાલો જીવનશુધ્ધિ કરી એ શાશ્વત આનંદની પ્રાપ્તિ તરફ પ્રયાણ કરીએ.